**સેશન્સ કેસ નંબરઃ– ૧૦૯/૨૦૨૧**
**આંક –૨૯**

| સેશન્સ કેસ નંબરઃ– ૧૦૯/૨૦૨૧ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 02 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| મારુ નામ | મહેશજી બબાજી ઠાકોર | | | |
|---|---|---|---|---|
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | NO |
| ઉંમર આશરે | ૧૬ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | કલ્યાણપુરા તા.કાંકરેજ | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

**નોંધ: સાહેદની આપવાની સક્ષમતા નકકી કરવાની ઈન્કવાયરી**

**સવાલ:** તમે કેટલુ ભણેલા છો?

**જવાબ:** હુ ભણવા ગયેલ નથી.

**સવાલ:** અત્યારે તમે શુ કરો છ?

**જવાબ:** કંઈ નહી અત્યારે મારી મમ્મી સાથે કામ કરુ છું.

**સવાલ:** તમે આજે કયાં આવેલો તેની તમને ખબર છે?

**જવાબ:** આજે હું કોર્ટમાં આવેલ છું.

**સવાલ:** તમે કોઈ ભગવાનમાં માનો છો?

**જવાબ:**હા

**સવાલ:** ભગવાનના સોગંધ ખોટા ખાવાથી શુ થાય?

**જવાબ:** દુખ થાય

**સવાલ:** કોર્ટ કેવુ બોલવુ પડે?

**જવાબ:** સાચુ બોલવુ પડે.

**સાહેદ સોગંધની મહત્વતા સમજી શકતા હોય સાહેદને સોગંધ આપ્યા..**

સાહેદની સહી............................

(૧) અમો ત્રણ ભાઈઓ છીએ. જેમાં સૌથી મોટો શૈલેષ અને તેનાથી નાનો રાહુલ અને સૌથી નાનો હુ છું. બનાવને આશરે ચારેક વર્ષ થયેલા. હું મારા પડોશીઓના બીજા બાળકો સાથે અમારા ગામમાં પ્લોટ વિસ્તારમાં જવાના રસ્તા ઉપર સલમાબેનના ઘર પાસેથી લખોટીઓ રમતા રમતા પ્લોટ વિસ્તારમાં ગયેલા અને મે ચશ્મા પહેરેલા હતા તે વખતે અમારા ગામના માલજીભાઈ સામતાભાઈ દેવીપુજક હાથમાં ખુલ્લી તલવાર લઈને આવેલા અને મને કહેવા લાગેલ કે રસ્તામાં કેમ રમો છો ? તેમ કહી માથાકૂટ કરી અને કહેલ કે કેમ ચશ્મા પહેરેલ છે તે કાઢીને ફેંકી દે તેમ કહેલ તેથી મે કહેલ કે રસ્તામાં રમીએ છીએ કોઈ અડચણ કરતા નથી મારી માતાએ ચશ્મા લાવી આપેલ છે તેમ કહેતા માલજીભાઈએ ઉશ્કેરાઈ જઈ હાથમાંની ખુલ્લી તલવાર મને માથાના ભાગે જોરથી મારેલ અને મને લોહી નીકળેલ. આ માલજી ત્યાંથી ભાગી ગયેલ. તે સમયે ગામના લોકો તથા નીતીનભાઈ ઠકકર આવી ગયેલા. ત્યારપછી હું બેભાન થતા પ્રથમ સરકારી દવાખાને થરા મુકામે ત્યાંથી વધુ સારવાર માટે રાધનપુર આસ્થા હોસ્પિટલમાં લઈ ગયેલ અને ત્યાંથી ડોકટરશ્રીએ પાટણ લઈ જવાનું કહેતા પાટણ જનતા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરી ત્યાં મારુ ઓપરેશન કરેલ અને ત્યારપછી હુ ભાનમાં આવેલ હતો. બનાવ સંબંધે પોલીસે મારો જવાબ લીધેલો. તે સિવાય મને થરા મુકામે જવાબ આપવા માટે પોલીસ લઈ ગયેલી કઈ જગ્યાએ લઈ ગયેલા તેનો મને ખ્યાલ નથી. મને મુદામાલ બતાવવામાં આવે તો ઓળખી શકું.

મને મુદામાલ આર્ટીકલ નં. ૬(માર્ક:એફ) એક સફેદ કલરની સીલબંધ બેગીનું સીલ નામ. કોર્ટની રૂબરૂ ખોલતા તેમાંથી નીકળેલ તલવાર મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ તલવાર બનાવ સમયે માલજીભાઈ સામતાભાઈ દેવીપુજકના હાથમાં હતી તેઓએ મને માથાના ભાગે મારેલી તે તેજ છે.

મને મુદામાલ આર્ટીકલ નં. ૭(માર્ક:જી) એક સફેદ કલરની સીલબંધ પ્લાસ્ટિકનો પારદર્શક ડબ્બો નામ. કોર્ટની રૂબરૂ ખોલતા તેમાંથી નીકળેલ લાલ કલરનું પેન્ટ

સાહેદની સહી.............................

મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ લાલ કલરનું પેન્ટ બનાવ સમયે મે પહેરેલ હતું, તે તેજ છે.

આરોપી આ કામે નામ.કોર્ટમાં હાજર છે, જેને હું ઓળખુ છુ, તે તેજ છે.

**સરતપાસ પુરી.**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ પ્રોક્ષી વિ.વ.શ્રી.આર.વી.સોલંકી..**

(૨) હું ભદ્દીવાડી તાલુકો કાંકરેજ મુકામે પંદર સોળ વર્ષથી રહુ છું. એ વાત ખરી છે કે હાલમાં પણ હું ભદ્દીવાડી મુકામે રહુ છુ અને કામ ધંધો કરુ છું. એ વાત ખરી છે કે અમે અમારી ઉંમર બાબતનો કોઈ આધાર પુરાવો પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે હું અને બીજા બાળકો જે રસ્તા પર લખોટી રમતા હતા તે આર.સી.સી. રોડ હતો. એ વાત ખરી નથી કે મારા મામાએ અને મારા ઘરનાઓએ આરોપી ઉપર હુમલો કરેલો. એ વાત ખરી નથી કે અમો લખોટી રમતા હતા તે વખતે અમારી મિત્રો વચ્ચે બોલાચાલી થયેલી અને ધકકામુકી થયેલી અને તેમાં રોડની ધાર વાગેલી અને અમને આ ઈજા થયેલી. એ વાત ખરી છે કે આ બનાવ પહેલા હાલના આરોપીને અને મારે મળવાનું થયેલુ નહી. એ વાત ખરી નથી કે આરોપીએ કોઈ કહેવાતો હુમલો કરેલ નથી અને તમોને રોડ ઉપર પડી જવાથી ઈજા થયેલી. એ વાત ખરી નથી કે પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નહી. એ વાત ખરી નથી કે પોલીસે માત્ર મારુ નામ ઠામ તથા ધંધા વિશે પુછેલુ બીજુ બનાવ વિશે પુછેલ નહી. એ વાત ખરી છે કે પોલીસે મારો જવાબ બનાવના પાંચ દિવસે પછી લીધેલો. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ના હોવા છતાં અમો સોગંધ પર ખોટી જુબાની આપીએ છીએ.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી**

સાહેદની સહી............................

**શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૯/૦૭/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................